પાલિકાનો 'અણઘડ' વહીવટ | ઠાસરામાં ગંદકીનું સામ્રાજ્ય, ચૂંટણી બાદ સફાઈના ઠેકાણા નથી

# ઠાસરા નગરમાં ગંદકીથી ત્રસ્ત પ્રજાએ પાલિકા કચેરીમાં હોબાળો મચાવ્યો

**એસી ચેમ્બરમાં** બેસતા પ્રમુખના પતિને જનતાએ ગટરના કાદવ બતાવવા રસ્તા પર ઉતાર્યા

(પ્રતિનિધિ) ઠાસરા તા.૪

ઠાસરા તાલુકા મથક હોવા છતાં આજે વિકાસથી વંચિત હોવાની બૂમો ઉઠી છે. નગરપાલિકાના અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઘોર નિષ્ક્રિયતાને કારણે સમગ્ર નગરમાં ગંદકી અને ઉભરાતી ગટરોનું સામ્રાજ્ય સ્થપાયું છે. ચૂંટણી પૂરી થયા બાદ સત્તાધીશો જાણે નિદ્રાધીન હોય તેમ સફાઈની કામગીરી માત્ર કાગળ પર જ મર્યાદિત રહી છે. પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારતા 50થી વધુ રહીશોએ આજે નગરપાલિકા કચેરી પહોંચી પ્રમુખના પતિનો ઘેરાવો કર્યો હતો અને તેમને રૂબરૂ સ્થિતિ જોવા માટે મજબૂર કર્યા હતા.

ઠાસરામાં જ્યાં જુઓ ત્યાં કાદવ, ઉભરાતી ગટરો અને ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે. રહીશોનો આક્ષેપ છે કે પાલિકાનો વહીવટ સાવ 'અણઘડ' છે અને જનતા એક પણ પાયાની સુવિધા ભોગવી શકતી નથી. સફાઈના નામે માત્ર વાર્તાઓ જ બનાવવામાં આવી રહી છે, જ્યારે વાસ્તવિકતામાં રોડ-રસ્તા પર ખાડા અને ગટરના પાણીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ભાજપના મેન્ડેટથી બિનહરીફ ચૂંટાયેલા પ્રમુખની નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જ્યારે 50થી વધુ લોકો પાલિકા પહોંચ્યા ત્યારે પ્રમુખની કેબિનમાં તેમના પતિ હાજર હતા. રોષે ભરાયેલા લોકોએ પ્રમુખના પતિને ઘેરી લીધા હતા અને પ્રશ્નોની ઝડી વરસાવી હતી. લોકોનો મિજાજ પારખી ગયેલા પ્રમુખના પતિને આખરે એસી ચેમ્બર છોડીને લોકો સાથે ગંદકી જોવા સ્થળ મુલાકાત પર જવું પડ્યું હતું.

### સત્તાનો રુઆબ કે સેવાની જવાબદારી?

ઠાસરામાં ચર્ચાનો વિષય બન્યો છે કે ચૂંટાયેલા પ્રમુખ એસી ચેમ્બરમાં બેસીને વહીવટ કરશે કે પ્રજાના પ્રશ્નો ઉકેલશે? બિનહરીફ ચૂંટાયા બાદ જનતાની સેવા કરવાને બદલે પ્રમુખના પતિ પાલિકામાં હાજર રહી વહીવટ સંભાળતા હોવાના આક્ષેપો સાથે લોકોએ પ્રશ્ન કર્યો હતો કે વિકાસ ક્યારે થશે ?.

### આશ્વાસનોની લ્હાણી, કામની રાહ

ઠાસરામાં સ્થળ મુલાકાત દરમિયાન પ્રમુખના પતિ દ્વારા રહીશોને સમસ્યા ઉકેલવા માટેના આશ્વાસનો અને નિવેદનો તો આપવામાં આવ્યા છે, પરંતુ હવે જોવાનું એ રહે છે કે આગામી દિવસોમાં ઠાસરાની ગંદકી સાફ થાય છે કે પછી રહીશોએ ફરી આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટી ખાતે સહકાર સપ્તાહની ઉજવણી

# સહકારી મૂલ્યો અને વિકાસ જ સાચા વિકાસનો મજબૂત પાયો

**'ખેડૂત પ્રથમ'** અભિગમથી જ બનાસ ડેરી એશિયામાં મોખરે : શંકરભાઇ ચૌધરી



(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદ સ્થિત 'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટી ખાતે આયોજિત સહકાર સપ્તાહની ઉજવણીમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. 'સફળ સહકારી સંસ્થાઓનું નિર્માણ કેવી રીતે કરવું.' વિષય પર સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, સહકારી મૂલ્યો અને મંડળીઓનો સર્વાંગી વિકાસ એ જ દેશના વાસ્તવિક વિકાસનો મુખ્ય આધારસ્તંભ છે.

આ પ્રસંગે શંકરભાઈ ચૌધરીએ એશિયાની સૌથી મોટી સહકારી સંસ્થા બનાસ ડેરીની સફળતાનો મંત્ર આપતા કહ્યું કે, તેના વહીવટમાં રહેલો 'ખેડૂત પ્રથમ' અભિગમ જ તેને સફળતાના શિખરે લઈ ગયો છે. તેમણે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સહકારી સંસ્થાઓને ભવિષ્ય માટે સજ્જ કરવા પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે મલ્ટીપર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ દ્વારા છેવાડાના માનવી સુધી ધિરાણની સુવિધા પહોંચાડવાની આવશ્યકતા સમજાવી હતી.

વધુમાં 'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થાની પ્રશંસા કરતા ઉમેર્યું કે, શિક્ષણ અને સહકારના સમન્વય દ્વારા ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનશે અને નવી પેઢી આ ક્ષેત્રમાં જોડાશે. આ કાર્યક્રમના પ્રારંભમાં ઈરમાના ડાયરેક્ટર અને યુનિવર્સિટીના ડીન પ્રો. શાશ્વત નારાયણ બિશ્વાસે સ્વાગત પ્રવચન કર્યું હતું.

# પ્રવાસે નીકળેલા વિદ્યાર્થીઓને હાઈવે પર બસમાંથી ઉતાર્યાં

**આઈટીઆઈના ૨૩૦** વિદ્યાર્થીઓ સામે માત્ર એક જ બસની વ્યવસ્થા કરાઇ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર જિલ્લાના લુણાવાડા મોટા સોનેલા ખાતે આવેલી સરકારી આઈ.ટી.આઈ.માં આચાર્યની બેદરકારી અને ગેરવર્તનને કારણે ભારે હોબાળો મચી ગયો હતો.

વડોદરા ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ સમિટ એક્ઝિબિશન' ની શૈક્ષણિક મુલાકાત માટે ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. આચાર્યની સૂચના મુજબ ખાનપુર, કડાણા અને સંતરામપુર જેવા અંતરિયાળ વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ વહેલી સવારે ૦૭:૩૦ વાગ્યે સંસ્થા પર પહોંચી ગયા હતા. જોકે, વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ૩ બસની જરૂર હોવા છતાં, માત્ર એક જ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૫૦ વિદ્યાર્થીઓને રવાના કર્યા બાદ અન્ય બસમાં બેઠેલા વિદ્યાર્થીઓને અચાનક નીચે ઉતારી મુકવામાં આવ્યા હતા. જેથી, વિદ્યાર્થીઓનો રોષ ફાટી નીકળ્યો હતો.

આઈટીઆઈના આચાર્યના વલણથી પરેશાન થયેલા આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ બારીયા દેવેન્દ્ર, બારીયા યોગેશ અને રાઠોડ યુવરાજ સિંહની આગેવાનીમાં લુણાવાડા-સોનેલા રોડ પર હાઈવે જામ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થી યુનિયને જવાબદાર આચાર્ય સામે કડક પગલાં લેવાની માંગ કરી છે.

મહિસાગરના નલ સે જલ કૌભાંડમાં કોન્ટ્રાક્ટર સહિત વાસ્મોના તત્કાલીન કર્મચારી પકડાયાં

# મહિસાગર જિલ્લા ભાજપ વ્યાપારી સેલના પ્રમુખ સહિત બેની ધરપકડ

**૩૭ ગામોમાં** ગેરરીતિ આચરનાર કોન્ટ્રાક્ટર પાસેથી ૪.૫૮ કરોડની વસૂલાત બાકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર જિલ્લામાં વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ 'નળ સે જળ' માં આચરવામાં આવેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારે સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી છે. ૧૨૩ કરોડના આ મસમોટા કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ (CID Crime) દ્વારા સપાટો બોલાવતા વધુ બે મુખ્ય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. આ સાથે જ કુલ ૪૬ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

લાંબા સમયથી ફરાર રહેલા લુણાવાડા નગર ભાજપ વ્યાપારી સેલના પ્રમુખ અને કોન્ટ્રાક્ટર કલ્પેશકુમાર જશવંતલાલ શાહ આખરે ગાંધીનગર સીઆઈડી સમક્ષ હાજર થતાં તેની ધરપકડ કરાઈ છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કલ્પેશ શાહે જિલ્લાના ખાનપુર, લુણાવાડા, કડાણા, સંતરામપુર અને બાલાસિનોર મળી કુલ ૩૭ ગામોમાં મસમોટી ગેરરીતિ આચરી હતી. તેની પાસેથી સરકારે હજુ ૪,૫૮,૫૦,૭૫૯.૪૮ રૂપિયાની માતબર રકમ વસૂલવાની બાકી છે.

### જનતા હજુ પણ તરસતી

મહિસાગર જિલ્લાના ૭૧૪ માંથી ૬૨૦ ગામો શંકાના ઘેરામાં એક તરફ ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો કરોડો રૂપિયા ઓહિયા કરી ગયા છે, ત્યારે બીજી તરફ જનતા હજુ પણ પાણી માટે વલખાં મારી રહી છે. જિલ્લાના કુલ ૭૧૪ ગામો પૈકી ૬૨૦ ગામોમાં ગેરરીતિ થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

આ ઉપરાંત અન્ય એક આરોપી વાસ્મોના તત્કાલીન આસિસ્ટન્ટ ટેકનિકલ મેનેજર કર્મવિરસિંહ મહેન્દ્રસિંહ સિસોદિયાની નડિયાદથી ધરપકડ કરવામાં આવી છે. આ કર્મચારીએ ખોટા બિલો મંજૂર કરવા અને અન્ય ભ્રષ્ટ કામોમાં પોતાની સહીઓ કરવાના બદલામાં અંગત બેંક ખાતામાં દોઢ લાખ રૂપિયાનો ભ્રષ્ટાચારનો લાભ લીધો હતો.

આ ઉપરાંત બાલાસિનોર તાલુકાના જનોડ ગામના સરપંચ રમેશ રત્નાભાઈ માછીની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ સરપંચે સરકારી નીતિ-નિયમોનો ભંગ કરીને 'પાણી સમિતિ'ના સરકારી એકાઉન્ટમાંથી પોતાના જ નામનો ૧.૦૫ લાખ રૂપિયાનો ચેક બનાવી સરકારી નાણાંની ઉચાપત કરી હતી.

# સગીરા પર દુષ્કર્મ કેસમાં નરાધમને ૨૦ વર્ષની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા જિલ્લાના લાલી ગામની એક સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી, તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારવાના ગંભીર ગુનામાં કોર્ટે ૨૯ વર્ષીય આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ખેડાના લાલી ઈન્દિરાનગરી વિસ્તારમાં રહેતા સુનિલ ઉર્ફે કાળિયો ભલાજી બારૈયાએ ૧૫ જૂન ૨૦૨૫ના રોજ સગીરાને લગ્નની લાલચ આપી તેના વાલીપણામાંથી અપહરણ કર્યું હતું. બાદમાં સગીરાને કઠલાલ તાલુકાના મડાદરા ગામની સીમમાં આવેલ એક ખેતરની ઓરડીમાં લઈ ગયો હતો, જ્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.

આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલ યોગી બારોટ દ્વારા ૧૮ દસ્તાવેજી પુરાવાઓ અને ૧૨ સાહેદોની જુબાની રજૂ કરી આરોપીને સખત સજા કરવાની દલીલ કરવામાં આવી હતી. અદાલતે બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી સુનિલને કસૂરવાર ઠેરવ્યો હતો. પોક્સો એક્ટ હેઠળ સુનિલ ઉર્ફે કાળિયાને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦,૦૦૦નો દંડ, તેમજ બીએનએસ એક્ટ હેઠળ ૫ વર્ષની સખત કેદ અને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ દંડની રકમમાંથી રૂ. ૨૫,૦૦૦ પીડિતાને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, પીડિતાને વધારાનું બે લાખનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સીવીએમ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ નોર્થ ફ્લોરિડા વચ્ચે શૈક્ષણિક જોડાણ થયાં



**આણંદ |** સીવીએમ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી ઓફ નોર્થ ફ્લોરિડાના ડીન ડો. કાવેરી સુબ્રહ્મણ્યમે મુલાકાત લઈ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સહયોગ અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ સાથે વિદ્યાર્થી-ફેકલ્ટી એક્સચેન્જ અને સંયુક્ત સંશોધન જેવા વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. ડો. કાવેરીએ યુનિવર્સિટીની સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ, SICART અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. અંતમાં, બંને વૈશ્વિક સંસ્થાઓ વચ્ચે વ્યૂહાત્મક સહયોગ માટે ટૂંક સમયમાં MoU કરવાની દિશામાં આગળ વધવા અંગે પરસ્પર સહમતિ સધાઈ હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા શાકભાજીમાં રોગ-જીવાત વ્યવસ્થાપન તાલીમ યોજાઈ



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સીટી અને KVK મંગલભારતીના સંયુક્ત ઉપક્રમે છોટાઉદેપુરના ૨૫ ખેડૂતો માટે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નિષ્ણાતોએ શાકભાજીના પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન, પ્રાકૃતિક કૃષિનું મહત્વ અને ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવી હતી. તાલીમના અંતે ઉપસ્થિત ખેડૂતોને વિવિધ જૈવિક કીટનાશકો, ભીંડાનું બિયારણ અને માર્ગદર્શન પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાકરોલની સ્પેકના વિદ્યાર્થીઓએ 'કોશાંભ મલ્ટીટ્રેડ' ખાતે ઔદ્યોગિક મુલાકાત લીધી




**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત એસપીસીએએમ, બાકરોલ દ્વારા બી.બી.એ. (જનરલ)ના વિદ્યાર્થીઓ માટે 'કોશાંભ મલ્ટીટ્રેડ પ્રા. લિ.' ખાતે ઔદ્યોગિક મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા, વ્યવસ્થાપન પદ્ધતિઓ અને ઉદ્યોગ ક્ષેત્રની કાર્યશૈલીનો પ્રત્યક્ષ અનુભવ કરાવી વ્યાવહારિક જ્ઞાન પૂરૂં પાડવાનો હતો. આ મુલાકાત દરમિયાન હિમાંશુ પટેલે વિદ્યાર્થીઓને વર્તમાન ઉદ્યોગ ક્ષેત્રના પડકારો, રોજગારની તકો અને જરૂરી વ્યાવસાયિક કૌશલ્યો અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને આચાર્ય ડો. સુયોગ ઉપાસનીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટીગણ અને મેનેજમેન્ટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદ શહેરની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં પ્રથમ સત્રાંત વાલી મિટિંગ યોજાઈ



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં યોજાયેલ વાલી મિટિંગમાં આચાર્ય અને સુપરવાઈઝરે શૈક્ષણિક સિદ્ધિઓ તથા આગામી યોજનાઓનું માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન અંતર્ગત દીકરીઓના સર્વાંગી વિકાસ માટે ઘર અને શાળાની સહિયારી જવાબદારી પર વિશેષ ભાર મૂકાયો હતો. શાળા દ્વારા વાલીઓ સાથે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે વ્યક્તિગત ચર્ચા કરી કન્યા કેળવણીના મહત્વ વિશે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઇ પટેલે શાળા પરિવારને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદની આઈજે પટેલ બી.એડ્. કોલેજ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરાઇ



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજમાં પંકજભાઇ માવીના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડાયરેક્ટર નુસરત મેડમે યોગના મહત્વ વિશે અને કાર્યકારી આચાર્ય યજ્ઞેશભાઇ પુરોહિતે જીવનમાં યોગની ઉપયોગીતા વિશે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ વિવિધ યોગાસનો દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઇ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ખાનપુરની શાળાઓમાં એસપીની ઉપસ્થિતિમાં 'શાળા પ્રવેશોત્સવ'ની ઉજવણી કરાઇ



**ખાનપુર |** ખાનપુર તાલુકાની વાવ્યો પ્રાથમિક અને પી.એન. પંડ્યા હાઇસ્કુલ ખાતે રજમા 'કન્યા કેળવણી' અને 'શાળા પ્રવેશોત્સવ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને ભૂલકાઓને કુમકુમ તિલકથી વધાવી, શૈક્ષણિક કીટનું વિતરણ કરી તેમને ઉચ્ચ અભ્યાસ માટે આશીર્વાદ પાઠવ્યા હતા. એસપીએ શિક્ષણને ગરીબી સામે લડવાનું હથિયાર ગણાવી વાલીઓને ૧૦૦% નામાંકન અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા ખાસ અપીલ કરી હતી.

### નડિયાદની સલુણની વૈદ્યના કૂવા શાળામાં ૨૩ બાળકોનો ઉમંગભેર પ્રવેશોત્સવ યોજાયો



**નડિયાદ |** નડીઆદની વૈદ્યના કૂવા પ્રાથમિક શાળામાં એસ.એમ.સી. અધ્યક્ષ જીતેન્દ્રભાઈ પરમારની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સંપન્ન થયો હતો. આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ના કુલ ૨૩ બાળકોને કંકુ તિલક કરી અને શૈક્ષણિક કીટ આપી હર્ષોલ્લાસ સાથે શાળામાં પ્રવેશ અપાયો હતો. આચાર્ય સંજય વાઘેલાએ નવા પ્રવેશિત બાળકોને નિયમિત શાળાએ આવવા આહવાન કરી તેમનું મોં મીઠું કરાવી પ્રોત્સાહિત કર્યા હતા. શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણે ટ્રાફિકના નિયમોની પ્રતિજ્ઞા લેવડાવી સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન હાથ ધર્યું હતું.

### ગોધરની પ્રવીણ વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી



**લુણાવાડા |** ગોધર તાલુકાના ચુથાના મુવાડા સ્થિત પ્રવીણ વિદ્યાલયમાં ડી આર ડી એ નિયામક ચંદ્રિકાબેન ભાભોરની ગરિમામય ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ધોરણ 9 અને 11 ના નવા પ્રવેશાર્થીઓને પુસ્તક વિતરણ કરી આવકારવામાં આવ્યા તથા કન્યા કેળવણી અને સ્વાસ્થ્ય જેવા વિષયો પર વક્તવ્યો યોજાયા હતાં. આ કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ જાળવણી માટે મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને ઉપસ્થિત સૌએ માર્ગ સલામતીના શપથ ગ્રહણ કર્યા હતાં. શાળા પરિવાર, ટ્રસ્ટના પ્રમુખ અને વાલીઓની ઉપસ્થિતિમાં ગોળ-ધાણા વહેંચી આ શૈક્ષણિક ઉત્સવનું શાંતિપૂર્ણ વાતાવરણમાં સમાપન થયું હતું.

### નડિયાદ શહેરના સંતરામ મંદિરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**નડિયાદ |** નડિયાદ સ્થિત સંતરામ મંદિર સંચાલિત બાલ સંસ્કાર સત્સંગ સભામાં રામદાસજી મહારાજની પ્રેરણાથી યોગ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કલ્પનાબેન ત્રિવેદીએ યોગની સમજ આપી હતી અને હેતલબેન પટેલ દ્વારા ઉપસ્થિત બાળકોને વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યાં હતાં. વિપુલભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા ધ્યાનની ઊંડી સમજ સાથે ધ્યાન કરાવ્યું હતું, જેમાં ધ્રુવીબેન અને દીપેનભાઇ કંસારાએ સુંદર સહયોગ આપ્યો હતો. બાલ સભાના બાળકો અને ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સંતરામ મહારાજનો રાજીપો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### કપડવંજ ભાજપ યુવા મોરચા દ્વારા યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૧૦૧ યુનિટ બ્લડ એકત્રિત થયું



**કપડવંજ |** કપડવંજ શહેર અને તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા રેડક્રોસ સોસાયટી ખાતે આયોજિત મહારક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા અને અન્ય અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કેમ્પમાં સેવકીય હેતુ માટે કુલ ૧૦૧ બોટલ રક્ત એકત્રિત થયું હતું. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી અને રૂરલ પોલીસના વિશેષ સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં યુવા કાર્યકરોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું. શહેર અને તાલુકા યુવા મોરચાના હોદ્દેદારો તેમજ સભ્યોની ભારે જેહમતને પરિણામે આ રક્તદાન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### કપડવંજ ભારત વિકાસ પરિષદ દ્વારા ૭૦ તેજસ્વી તારલાઓનું ઇનામ આપી સન્માન કરાયું



**કપડવંજ |** ભારત વિકાસ પરિષદ કપડવંજ દ્વારા બાલમંદિરથી ધોરણ-૧૨ સુધીના ૭૦ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઇનામ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ ગોપાલ શાહે શિક્ષણને સાચી મૂડી ગણાવી વિદ્યાર્થીઓને શિસ્ત અને નિયમિતતા દ્વારા ઉજ્વળ ભવિષ્ય બનાવવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મનસુખ વાલાણી અને દાતા દીપકભાઈ તલાટી સહિત અનેક અગ્રણીઓ અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાંતિલાલ પ્રજાપતિના સંચાલન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.